1. સુરત મહાનગરપાલિકાની 2011ના સેન્સસ મુજબ, કેટલી વસ્તી છે ?

(A) 44.67 લાખ
(B) 46.45 લાખ
(C) 48.64 લાખ
(D) 50.32 લાખ

2. હાલમાં કાર્યરત સ્થળે, મ્યુનિસિપાલીટીની કચેરી કયા વર્ષમાં તબદીલ કરેલ હતી ?

(A) 1852
(B) 1867
(C) 1902
(D) 1926

3. સુરત મહાનગરપાલિકા દ્વારા ગાંધી સ્મૃતિ ભવનનું ઉદ્‌ઘાટન કયા વર્ષમાં કરવામાં આવેલ હતું ?

(A) 1967
(B) 1975
(C) 1980
(D) 1985

4. સુરત મહાનગરપાલિકા દ્વારા કયા વર્ષમાં એકી સાથે "4 સીટી સીવીક સેન્ટરો"નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું ?

(A) 2000
(B) 2001
(C) 2002
(D) 2003

5. સુરત મહાનગરપાલિકા દ્વારા અટલ સેતુ (ATAL Setu)નું ઉદ્‌ઘાટન કયાં વર્ષમાં કરવામાં આવેલ હતું ?

(A) 2019
(B) 2018
(C) 2017
(D) 2016

6. સુરત મહાનગરપાલિકામાં 1-1-2023ના રોજ કેટલા ઝોન (Zones) છે ?

(A) 8
(B) 9
(C) 10
(D) 11

7. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સેક્સ રેશીયો કેટલો છે ? (દર હજારે, સ્ત્રીઓની સંખ્યા)

(A) 634/1000
(B) 668/1000
(C) 756/1000
(D) 852/1000

8. સુરત મહાનગરપાલિકાને કયો કાયદો લાગુ પડે છે ?

(A) ગુજરાત પંચાયત કાયદો 1993
(B) ગુજરાત નગરપાલિકા કાયદો 1963
(C) મુંબઈ પ્રોવીન્સીયલ મ્યુનિ. કોર્પોરેશન એક્ટ 1949
(D) ગુજરાત મહાનગરપાલિકા એક્ટ 1961

9. સુરત મહાનગરપાલિકામાં કાઉન્સેલર (councillors) માટેની કુલ જગ્યાઓ પૈકી કેટલા ટકા બેઠકો મહિલાઓ માટે અનામત છે ?

(A) 25%
(B) 33 1/3%
(C) 50%
(D) 66%

10. રૂગ્ણાલયો વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિમાં હાલમાં કેટલાં સભ્યો છે ?

(A) 12
(B) 11
(C) 10
(D) 9

11. "સબ કે રામ" પુસ્તકના લેખક કોણ છે ?

(A) ડૉ. પ્રવેશકુમાર અને ડૉ. પ્રવીણકુમાર
(B) ડૉ. પ્રવેશકુમાર અને રાજીવ ગુપ્તા
(C) ડૉ. પ્રવીણકુમાર અને રાજીવ ગુપ્તા
(D) રાજીવ ગુપ્તા અને રાજકુમાર ગુપ્તા



Scanned with CamScanner

12. ભારતીય મહાકાવ્ય મહાભારતની કથા મુજબ ભીષ્મ પિતામહે કયા દિવસે સ્વેચ્છાએ શરીર ત્યાગ કરેલો ?

(A) ઉત્તરાયણ (B) દિવાળી

(C) રામ નવમી (D) જન્માષ્ટમી

13. હાલમાં વિશ્વની અંદાજે વસ્તી આઠ અબજ જેટલી છે. આઠ અબજને આંકડામાં લખવા "8" ના અંક પછી કેટલા શૂન્ય લખવા પડે ?

(A) 7 શૂન્ય (B) 8 શૂન્ય

(C) 9 શૂન્ય (D) 10 શૂન્ય

14. નીચેનામાંથી કયું અભયારણ્ય ગુજરાતના સુરત જિલ્લામાં આવેલું છે ?

(A) ખીજડીયા પક્ષી અભયારણ્ય (B) શુલપાણેશ્વરનું રીંછ અભયારણ્ય

(C) રામપુરાનું નીલગાય અને ચીંકારા અભયારણ્ય (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

15. "ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝમા રિસર્ચ" ભારત સરકારની આ સંસ્થા કયા શહેરમાં આવેલી છે ?

(A) દિલ્હી ખાતે (B) બેંગ્લોર ખાતે

(C) મુંબઈમાં થાણે નજીક (D) ગાંધીનગરમાં ભાટ ખાતે

16. પુખ્ત માનવ શરીરમાં નવા રક્ત કણો કયા અંગમાં બનતા હોય છે ?

(A) હૃદય (B) હાડકાં

(C) સ્વાદુપિંડ (D) યકૃત

17. નીચેનામાંથી કોણ સિતાર વાદક છે ?

(A) ઉસ્તાદ બિસમિલ્લાહ ખાન (B) અમજદ અલી ખાન

(C) ઝાકીર હુસેન (D) પંડિત રવિશંકર

18. ભારતમાં "તાજ મહોત્સવ" (આગરા ખાતે) ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 18 ફેબ્રુઆરીથી 27 ફેબ્રુઆરી દરમિયાન (B) 7 ફેબ્રુઆરીથી 14 ફેબ્રુઆરી દરમિયાન

(C) 10 ફેબ્રુઆરીથી 17 ફેબ્રુઆરી દરમિયાન (D) ફક્ત 14 ફેબ્રુઆરીના દિવસે

19. ભારતમાં કેન્દ્રમાં કોના નામે વહીવટ ચાલે છે ?

(A) રાષ્ટ્રપતિના નામે (B) વડાપ્રધાનના નામે

(C) લોકસભાના સ્પીકરને નામે (D) કેન્દ્ર સરકારના કેબીનેટ સચિવને નામે

20. ભારતીય સંવિધાન સંદર્ભે નીચેનામાંથી કયું વાક્ય ખોટું છે ?

(A) બંધારણના ઘડતરની કામગીરી 166 બેઠકોમાં પૂર્ણ થઈ હતી.

(B) ભારતે લોકશાહી શાસન પદ્ધતિ અપનાવી છે.

(C) બંધારણમાં સુધારો કરવાની સત્તા વડાપ્રધાનની છે.

(D) લોકસભા કાયમી ગૃહ નથી.



Scanned with CamScanner

21. ભારતમાં હાલમાં જાન્યુઆરી-2023માં રમાઈ ગયેલા "મેન્સ હૉકી વર્લ્ડ કપ" કયા ક્રમાંકનો હતો ?

(A) 15મો હૉકી વર્લ્ડ કપ
(B) 17મો હૉકી વર્લ્ડ કપ
(C) 13મો હૉકી વર્લ્ડ કપ
(D) 18મો હૉકી વર્લ્ડ કપ

22. જાન્યુઆરી 2023માં ભારતમાં કઈ રમતના ખેલાડીઓના યૌન શોષણનો વિવાદ ચર્ચામાં રહ્યો હતો ?

(A) બોક્સિંગ
(B) વેઈટ લીફટીંગ
(C) વૉલીબોલ
(D) કુસ્તી

23. એક વ્યક્તિનું નામ "કિશોર" છે. તો તે વ્યક્તિની રાશિ કઈ ગણાય ?

(A) મેષ
(B) મિથુન
(C) મકર
(D) મીન

24. નીચેનામાંથી કયો એવોર્ડ ફિલ્મ ક્ષેત્રનો છે ?

(A) બાફટા એવોર્ડ (BAFTA)
(B) ફીફા એવોર્ડ (FIFA)
(C) આયેટા એવોર્ડ (IATA)
(D) યુફા એવોર્ડ (EUFA)

25. "બ્લેક ગાંધી" નીચેનામાંથી કયા મહાનુભાવનું ઉપનામ છે ?

(A) નેલ્સન મંડેલા
(B) અબ્રાહમ લિંકન
(C) માર્ટિન લ્યૂથર કિંગ
(D) સર વોલ્ટર સ્કોટ

26. નીચેનામાંથી કયું માન્ય સ્ટોરેજ ડીવાઈસ છે ?

(A) કી-બોર્ડ
(B) સીપીયુ
(C) પેન ડ્રાઈવ
(D) ટ્રેક-બોલ

27. આખા નંબરો દર્શાવવા માટે કયો ડેટા ટાઈપ વપરાય છે ?

(A) ઈન્ટીઝર (Integer)
(B) ફ્લોટ (Float)
(C) ડબલ (Double)
(D) સ્ટ્રીંગ (String)

28. MS Windows માં જે ફાઈલ ડીલીટ કરીએ તે સામાન્ય રીતે કયા ફોલ્ડરમાં જાય છે ?

(A) My Computer
(B) Recycle Bin
(C) My Documents
(D) યુઝર નક્કી કરે તે

29. MS Wordમાં હેલ્પ વિન્ડો ખોલવા કઈ કી વપરાય છે ?

(A) F1
(B) F9
(C) F2
(D) F11

30. MS Excelમાં લાંબી ટેક્સ્ટને ઘણી લાઈનમાં વિભાજીત કરવા શું કરવું જોઈએ ?

(A) Justify in Edit > Cells
(B) Multiple in Format > Cells
(C) Wrap Text in Format > Cell
(D) ઉપરોક્ત તમામ


Scanned with CamScanner

31. MS Wordમાં Mail Merge વિકલ્પ માટે કઈ ટેબ વાપરવી પડશે ?

(A) ઈન્સર્ટ ટેબ (Insert tab)
(B) રેફરન્સ ટેબ (References tab)
(C) હોમ ટેબ (Home tab)
(D) મેઈલીંગ્સ ટેબ (Mailings tab)

32. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનમાં સ્લાઈડને ઈન્ટ્રોડ્યુશ કરવા કઈ ખાસ અસરો (specal effects) વપરાય છે ?

(A) એનોટેશન્સ (Annotations)
(B) કસ્ટમ એનીમેશન (Custom Animation)
(C) ટ્રાન્ઝીસન્સ (Transitions)
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

33. નીચેનામાંથી કયું વેબ બ્રાઉઝર સોફ્ટવેર નથી ?

(A) Chrome
(B) Firefox
(C) Web Crawler
(D) Internet Explorer

34. Email માં વપરાતા ફીચર BCC નું પૂરૂં નામ શું છે ?

(A) બ્લેક કાર્બન કોપી (Black Carbon Copy)
(B) બ્લાઈન્ડ કાર્બન કોપી (Blind Carbon Copy)
(C) બ્લાઈન્ડ કોપી કોપી (Blind Copy Copy)
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

35. GSWAN નું પૂરૂં નામ શું છે ?

(A) Gujarat Speed Wide Area Network
(B) Giga Speed Wide Area Network
(C) Gujarat State Wireless Area Network
(D) Gujarat State Wide Area Network

36. વિવિધલક્ષી આરોગ્ય કાર્યકર (MPHW)ની ફરજોમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) મેલેરિયાની તપાસ માટે તાવના દર્દીઓના લોહીના નમૂના લેવા
(B) પાણીના ક્લોરિનેશન સંબંધિત કામગીરી
(C) કુટુંબ કલ્યાણ કામગારી
(D) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વહીવટી કામગીરી

37. ગ્રામ્ય સ્તરે માનદ સેવા આપનારાઓમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) 'આશા' કાર્યકર (ASHA)
(B) તાલિમ પામેલ દાયણ (પ્રશિક્ષિત દાઈ)
(C) સ્ત્રી આરોગ્ય કાર્યકર (F.H.W.)
(D) આંગણવાડી કાર્યકર

38. આદિવાસી, ડુંગરાળ અને દુર્ગમ વિસ્તારમાં કેટલી વસ્તીએ ઉપકેન્દ્ર (સબ સેન્ટર) સ્થાપવામાં આવે છે ?

(A) 5,000
(B) 3,000
(C) 10,000
(D) 20,000

39. 'આશા' કાર્યકર (ASHA)ની કામગીરીમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) સગર્ભા માતાને ધનૂરની રસી આપવી
(B) આરોગ્ય શિક્ષણ આપવું
(C) સગર્ભા માતાઓની સંસ્થાકિય સુવાવડ થાય તેવા પ્રયત્નો કરવા
(D) બાળકોના રસી કરણમાં મદદ

40. સેનેટરી ઈન્સ્પેકટરની ભૂમિકા બહુ આયામી છે, કારણ કે તે...

(A) રોગ નિયંત્રણ સંબંધિત કામગારી કરે છે.

(B) સમુદાયનું સર્વેક્ષણ કરે છે.

(C) શિક્ષા, ઉદ્યોગો અને અન્ય ક્ષેત્રોમાં કામગીરી કરે છે.

(D) ઉપરોક્ત તમામ

41. પાણીની અસ્થાયી કઠોરતા સંદર્ભે કઈ બાબત સાચી નથી ?

(A) અસ્થાયી કઠોરતા કેલ્સિયમ અને મેગ્નેશીયમના બાઈકાર્બોનેટથી થાય છે.

(B) પાણી ઉકાળીને તેને દૂર કરી શકાય છે.

(C) મોટા પ્રમાણ પર આ કઠોરતા CaoHથી દૂર કરવામાં આવે છે.

(D) અસ્થાયી કઠોરતા દૂર કરવામાં $MgSo_4$ નો પણ ઉપયોગ થાય છે.

42. કયા રસાયણનો ઉપયોગ પાણીના શુદ્ધિકરણ માટે થતો નથી ?

(A) ફટકડી

(B) બેરીયમ કાર્બોનેટ

(C) બ્લીચીંગ પાવડર

(D) ક્લોરીન ગેસ

43. આમાંથી કોણ આરોગ્ય શિક્ષણનો સિદ્ધાંત નથી ?

(A) જરૂરી હોય તે જ કહેવું

(B) મુક્ત પણે ચર્ચા થવી જોઈએ

(C) લોકોમાં ગુંચવણ પેદા થાય તેવી રીતે માહિતી આપવી

(D) રૂચિ અને સહભાગીતા

44. સંવાદની પ્રક્રિયા માટેના અનિવાર્ય ઘટકોમાં કોનો સમાવેશ થાય છે ?

(A) સંદેશો

(B) પ્રેષક (સેન્ડર)

(C) સંદેશો મેળવનાર (રીસીવર)

(D) આમાંના તમામ

45. વિચાર - વિનિમય પ્રક્રિયા (સંવાદ)માં કઈ બાબત અવરોધક નથી ?

(A) પૂર્વ ધારણાઓ

(B) શારીરિક / માનસિક ખોડખાંપણ

(C) ભાષા

(D) અભ્યાસ

46. સારા પરામર્શક (કાઉન્સેલર) માટેની આવશ્યક બાબતોમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) લાભાર્થી વ્યક્તિના મિત્ર બનવું

(B) લાભાર્થીને ધીરજથી સાંભળવું

(C) લાભાર્થીને સમજણ ન પડે તો તેના ઉપર ગુસ્સે થવું

(D) સાચી અને સંપૂર્ણ માહિતી આપવી

47. જુની માન્યતાઓ કે ખોટા ખ્યાલો અને અફવાઓ કેવી રીતે દૂર કરશો ?

(A) એડવોકસી દ્વારા
(B) કુટુંબની મુલાકાત લેવી
(C) પ્રભાવશાળી લોક આગેવાનોની સહભાગિતા
(D) ઉપરોક્ત તમામ

48. ભોજનમાં કઈ દાળ લાંબા સમય સુધી લેવાથી લેથીરીઝમ (Lathyrism) નામનો ચેતા તંત્રનો રોગ થાય છે ?

(A) ચણાની દાળ
(B) કેસરી દાળ
(C) તુવરની દાળ
(D) મઠની દાળ

49. ખોરાકમાં આયોડીનની ઉણપથી કયો વિકાર (Disorder) થતો નથી ?

(A) સ્કર્વી
(B) ગોઈટર
(C) હાઈપોથાઈરોડીઝમ
(D) જડ વામનતા (Cretinism)

50. એક ગ્રામ ચરબીમાંથી કેટલી કિલો કેલરી મળે ?

(A) 4 (ચાર)
(B) 9 (નવ)
(C) 6 (છ)
(D) 2 (બે)

51. પ્રાથમિક રોકથામ (અટકાવ - પ્રિવેન્શન)ના સંદર્ભમાં શું સાચું નથી ?

(A) વહેલું નિદાન અને તુર્તજ સારવાર
(B) રોગકારક શરીરમાં પ્રવેશે તે પહેલાં પગલાં લેવાં
(C) રસીકરણ કરવું
(D) આરોગ્યપ્રદ જીવન શૈલી અપનાવવી

52. પ્રદૂષિત માટી સાથેના સંપર્કથી કયો રોગ થઈ શકે છે ?

(A) ઝાડા ઉલટી
(B) ધનૂર
(C) ગોળ કૃમિનો ચેપ
(D) ટાઈફોઈડ

53. સક્રિય રોગ-પ્રતિકારક શક્તિ કેવી રીતે પ્રાપ્ત થાય છે ?

(A) રોગ થવાથી
(B) સબ ક્લિનિકલ ચેપથી
(C) રસીકરણ દ્વારા
(D) ઉપરોક્ત તમામ

54. કયો રોગ વિશ્વ વ્યાપી નથી ?

(A) એચ.આઈ.વી. / એઈડ્સ
(B) ઈન્ફ્લુએન્ઝા
(C) વાળો
(D) કોલેરા

55. આમાંથી કયા રોગના સૂક્ષ્મજીવાણું બેક્ટેરિયા નથી ?

(A) ઓરી
(B) ટાઈફોઈડ
(C) પ્લેગ
(D) ધનૂર

56. એનેમીયા (લોહીની ફીકાસ) માટે કયું કૃમિ જવાબદાર છે ?

(A) ગોળકૃમિ
(B) પટ્ટીકૃમિ
(C) સૂત્ર કૃમિ
(D) અંકુશ કૃમિ (હુક વોર્મ)

57. ઈડીસ ઈજીપ્તી મચ્છરથી કયો રોગ ફેલાતો નથી ?

(A) ડેન્ગ્યુ
(B) હાથીપગો
(C) ચિકુન ગુનિયા
(D) પિત્તજ્વર (યલો ફીવર)

58. વાળાનો રોગચાળો હાલ ભારતના કયા રાજ્યમાં જોવા મળે છે ?

(A) રાજસ્થાન
(B) પંજાબ
(C) એક પણ રાજ્યમાં જોવા મળતો નથી
(D) ગુજરાત

59. પેન્ટાવેલન્ટ (પંચગુણી) રસી કયા રોગ સામે રક્ષણ આપતી નથી ?

(A) ધનૂર
(B) ડિપ્થેરીયા (ઘટ સર્પ)
(C) એચ. ઈન્ફ્લુએન્ઝા-બી થી થતા રોગો
(D) હિપેટાઈટીસ-એ (સાદો કમળો)

60. નિષ્ક્રિય / મૃત રસી (મરેલા જીવાણુની રસી)માં કઈ રસીનો સમાવેશ થતો નથી ?

(A) ટાઈફોઈડ (ઈન્જેક્શનના રૂપમાં)
(B) ઈન્ફ્લુએન્ઝા
(C) બી.સી.જી.
(D) કોલેરા

61. દોઢ મહિના (છ અઠવાડિયા)ના શિશુને કઈ રસી આપવી જોઈએ નહિં ?

(A) બી.સી.જી. જો જન્મ સમયે આપેલ ન હોય તો
(B) ઓરલ પોલિયો વેક્સિન
(C) મીઝલ્સ અને રૂબેલા (એમ.આર.)
(D) પેન્ટાવેલન્ટ

62. મચ્છર નિયંત્રણ માટે ઘરની અંદર હાલમાં કઈ દવાનો છંટકાવ (IRS) કરવામાં આવે છે ?

(A) આલ્ફા સાયપર મેથ્રીન
(B) ડી.ડી.ટી.
(C) મેલેથીયોન
(D) ડેલ્ટામેથ્રીન

63. ફાલ્સીપરમ મેલેરિયા (પી.એફ.મેલેરિયા)ના પુખ્ત વયના દર્દીને પ્રીમાકવીનની ગોળી કેટલા મી.ગ્રા. ડોઝમાં અને કેટલા દિવસ માટે આપવામાં આવે છે ?

(A) 15 મી.ગ્રા. સાત દિવસ માટે
(B) 15 મી.ગ્રા. ચૌદ દિવસ માટે
(C) 45 મી.ગ્રા. એક દિવસ માટે
(D) 45 મી.ગ્રા. ચૌદ દિવસ માટે

64. મેલેરિયા નિયંત્રણ માટેની પોશનાશક કામગીરીમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) ઘરમાંના તમામ ખુલ્લા પાત્રમાં એબેટ (ટેમોફોસ) નાખવું
(B) ઘરની બહાર ખાડા-ખાબોચિયામાં બી.ટી.આઈ.નો છંટકાવ કરવો
(C) ગપ્પી અને ગમ્બુસિયા જેવી માછલીનો ઉપયોગ કરવો
(D) પાયરેથ્રમ એક્સટ્રેક્ટ (Extract) 2% થી ફોગીંગ કરવું

65. 10,000 ની વસ્તી વાળા એક વિસ્તારમાં એક વર્ષમાં 1500 લોહીના નમૂનાનું મેલેરિયાના નિદાન માટે પરીક્ષણ કરવામાં આવ્યું તો આ વિસ્તારનો એબર (ABER) કેટલો ?

(A) 15
(B) 150
(C) 1.5
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

66. 'ડેન્ગ્યુ' રોગ કયા મચ્છરની ચેપી માદા કરડવાથી થાય છે ?

(A) એનોફીલીસ (B) મેન્સોનીયા

(C) ઈડીસ ઈજીપ્તી (D) ક્યુલેક્ષ

67. સ્તનપાન સંદર્ભે કઈ બાબત સાચી નથી ?

(A) પ્રસવ પછી તુરત જ (બને તેટલું જલ્દી) સ્તનપાન કરાવવું જોઈએ

(B) શરૂઆતમાં સ્તનપાનની સાથો સાથ થોડું પાણી પણ આપવું જોઈએ

(C) પ્રથમ છ માસ સુધી બાળકને ફક્ત સ્તનપાન કરાવવું જોઈએ

(D) ઉપરનો ખોરાક આપવાનું શરૂ કરીએ ત્યારે પણ સ્તનપાન ચાલું રાખવું જોઈએ

68. એક સગર્ભા માતાના અંતિમ માસિકની તારીખ 10/6/22 છે, તો પ્રસવ (સુવાવડ)ની અપેક્ષિત તારીખ કઈ હશે ?

(A) 17/3/2023 (B) 24/3/2023

(C) 10/3/2023 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

69. કયો રોગ જાહેરનામા પાત્ર રોગ નથી ?

(A) કોલેરા (B) બાળ લકવા

(C) ટીબી (D) લોહીનું ઉંચુ દબાણ

70. જાહેર સ્વાસ્થ્ય અંતર્ગત નીગરાણી (સર્વેલન્સ) સંદર્ભે શું સાચું નથી ?

(A) નીગરાણી (સર્વેલન્સ) સતત ચાલતી પ્રક્રિયા છે.

(B) રોગોની માહિતી એકઠી કરવામાં આવે છે.

(C) મેળવેલ માહિતીનું વિશ્લેષણ (એનાલીસીસ) કરવામાં આવે છે.

(D) મેળવેલ માહિતી કર્મચારી પોતાની પાસે જ રાખે છે.

71. સંકલિત (એકીકૃત) રોગ નિગરાણી કાર્યક્રમ (IDSP) કેસોના પ્રકારો કયા કયા છે ?

(A) શંકાસ્પદ કેસો (રોગના લક્ષણો અને ચિહ્નોના આધારે)

(B) સંભવિત કેસો (દર્દીની હિસ્ટ્રી અને ડોક્ટરની તપાસ)

(C) નિદાનની ખરાઈ (confirm) થયેલ કેસો

(D) ઉપરોક્ત તમામ

72. જન સાંખ્યિકી વિજ્ઞાન (ડેમોગ્રાફી)ના સંદર્ભે કયું વર્ષ મોટા વિભાજક વર્ષના નામે ઓળખાય છે ?

(A) 1920 નું વર્ષ (B) 1921 નું વર્ષ

(C) 1931 નું વર્ષ (D) 1947 નું વર્ષ

73. કયા દિવસે ભારત એક અબજ (100 કરોડ)ની વસ્તી સાથે સમગ્ર વિશ્વમાં ચીન પછી બીજા સૌથી વધારે વસ્તીવાળો દેશ બનેલ ?

(A) 11 મે, 2000 (B) 2 જુન, 2001

(C) 11 મે, 2003 (D) 10 માર્ચ, 2005

74. આમ નોંધ બાબતે કયું સાચું નથી ?

(A) ધંધાના દરેક વ્યવહારોની નોંધ આમ નોંધના સ્વરૂપે નોંધવામાં આવે છે.

(B) આમ નોંધ મૂળ નોંધણી અથવા મૂળ નોંધ કહેવાતી નથી.

(C) અગાઉથી ચૂકવેલા ખર્ચા તથા ચૂકવવાના બાકી ખર્ચાની પણ નોંધ થઈ શકે છે.

(D) સહેલાઈથી ખાતાવહીમાં ખતવણી થઈ શકે છે.

75. દ્વિનોંધી નામા પદ્ધતિના ફાયદા કયા છે ?

(A) ધંધાનું પરિણામ (નફો કે ખોટ) તથા ચોક્કસ તારીખે ધંધાની આર્થિક પરિસ્થિતિ જાણી શકાય છે.

(B) ચોક્કસ તારીખે દેવાદારો પાસેથી કેટલાં લેણાં છે તે જાણી શકાય છે.

(C) ચોક્કસ તારીખે લેણદારો તરફે કેટલાં દેવાં છે તે જાણી શકાય છે.

(D) ઉપરોક્ત તમામ

76. નર્સિંગ હોમની નોંધણી કયા કાયદા હેઠળ થાય છે ?

(A) ધી બોમ્બે નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ 1949 (B) ધી બોમ્બે નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ 1952

(C) નર્સિંગ હોમ નોંધણી કાયદો 1951 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

77. એપેડેમિક ડિસીજ એક્ટ 1897 હેઠળ મ્યુનિસિપાલિટી રોગચાળા વખતે કઈ કાર્યવાહી કરી શકે ?

(A) રોગ ચાળો થતો અટકાવવા જરૂરી કોઈપણ પગલાં લઈ શકે

(B) રોગ ચાળો પ્રસરતો અટકાવા જરૂરી કોઈપણ પગલાં લઈ શકે

(C) કોઈ અધિકારી કે એજન્સીની નિમણૂંક કરી શકે

(D) ઉપરોક્ત તમામ

78. જન્મ તથા મૃત્યુ નોંધણી કાયદો (રજીસ્ટ્રેશન એક્ટ) 1969 મુજબ હોસ્પિટલ / નર્સિંગ હોમમાં થયેલ જન્મની નોંધ કરાવવાની જવાબદારી કોની છે ?

(A) હોસ્પિટલ / નર્સિંગ હોમના ડૉક્ટરશ્રી (B) બાળકના વાલી

(C) તલાટી કે નગરપાલિકાના કર્મચારી (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

79. એક વર્ષથી નાના બાળકોનો મૃત્યુ દર (IMR) કયા રાજ્યમાં સૌથી ઓછો છે ?

(A) પંજાબ (B) મહારાષ્ટ્ર

(C) ગુજરાત (D) કેરલ

80. 5 વર્ષથી નાના બાળકોના ક્લિનીકના પ્રતીક (symbol - logo) માં વચ્ચેનો ઉંધો ત્રિકોણ શું દર્શાવે છે ?

(A) માંદગીમાં સારવાર (B) પરિવાર કલ્યાણ

(C) રોગોની રોકથામ (D) બાલ વિકાસ દેખરેખ



Scanned with CamScanner

81. પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરીયોજના સંદર્ભે કયું સાચું નથી ?

(A) એન.જી.ઓ. /ટ્રસ્ટ / ખાનગી હોસ્પિટલ / ડૉક્ટર આયોજનાના કેન્દ્ર માટે અરજી કરી શકે

(B) આ કેન્દ્રમાં કર્મચારી તરીકે ડીપ્લોમા ફાર્મસી કે બેચલર ઓફ ફાર્મસીની જરૂર નથી

(C) અરજી બ્યુરો ઓફ ફાર્મા ઓફ ઈન્ડિયાને કરવાની રહેશે

(D) અરજકર્તાને નાણાંકીય ટેકો સરકાર તરફથી આપવામાં આવે છે

82. ભારતમાં બિન સરકારી સંગઠન (એન.જી.ઓ.) શરૂ કરવા માટે કયા પગલાંનું પાલન કરવાનું રહે છે ? (હોય છે ?)

(A) એન.જી.ઓ. શરૂ કરવાનું કારણ અને મીશન નક્કી કરવું

(B) સ્થાપના કરનાર સભ્યો અને અન્ય સભ્યો નક્કી કરવા

(C) નોંધણી કરાવવી

(D) ઉપરોક્ત તમામ

83. ગ્રામ્ય વિસ્તારમાં સામાન્ય રીતે એક વ્યક્તિને પ્રતિ દિન કેટલા લિટર પાણીની આવશ્યકતા રહે છે ?

(A) 40 લિટર
(B) 50 લિટર
(C) 100 લિટર
(D) 130 લિટર

84. એક કુવાનો વ્યાસ 2 મીટર છે અને તેમાં 4 મીટર સુધી પાણી ભરેલું છે, તો તેમાં કેટલા લિટર પાણી હશે ? ($\pi = 3.14$)

(A) 25,120 લિટર
(B) 12,560 લિટર
(C) 50,240 લિટર
(D) 15,000 લિટર

85. ઓછા પાણીના જથ્થાના શુદ્ધિકરણ માટે કોનો સમાવેશ થતો નથી ?

(A) પાણીને ઉકાળવું
(B) ક્લોરિનની ગોળી પાણીમાં નાખવી
(C) પાણીમાં બ્લિચિંગ પાવડર નાખવો
(D) ક્લોરિન વાયુનો ઉપયોગ કરવો

86. હોરોક્સનું ઉપકરણ શા માટે વપરાય છે ?

(A) પાણી શુદ્ધ છે કે નહિ તે ચકાસવા

(B) પાણીમાં ક્લોરિનની માત્રા કેટલી છે તે જાણવા

(C) કોઈપણ પ્રકારના પાણી માટે ક્લોરિનની જરૂરીયાત શેધવા

(D) પાણીની ઘનતા શોધવા માટે

87. ઘન કચરાના નિકાલની વર્મી (કૃમિ) કમ્પોસ્ટીંગ પદ્ધતિમાં કોનો ઉપયોગ થાય છે ?

(A) અળસિયાં
(B) રાસાયણિક ખાતર
(C) વંદા
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

88. 1 (એક) થી 5 (પાંચ) લાખની વસ્તી ધરાવતા શહેરમાં પ્રતિ વ્યક્તિ દૈનિક સરેરાશ આશરે કેટલા ગ્રામ ઘન કચરાનું ઉત્પાદન થાય છે ?

(A) 210 ગ્રામ
(B) 250 ગ્રામ
(C) 270 ગ્રામ
(D) 350 ગ્રામ

89. વિશ્વ વ્યાપક કોડીંગ સીસ્ટમ અંતર્ગત હોસ્પિટલ કચરાના નિકાલ માટે લીલી બેગમાં શું રાખવામાં આવે છે ?

(A) ઘરેલુ અને બિનચેપી કચરો

(B) મોજાં, સિરીંજ, ડ્રેસીંગ, કોટન

(C) પુનઃ ઉપયોગ માટે પ્લાસ્ટિકની વસ્તુઓ (આઈ.વી. શેટ, રાઈલ્સ ટ્યૂબ વગેરે)

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

90. બાયો મેડિકલ વેસ્ટ વ્યવસ્થાપનમાં શાની કાળજી રાખશો ?

(A) બાયો મેડિકલ વેસ્ટની કેટેગરી નક્કી કરવી

(B) ટ્રીટમેન્ટ (પ્રક્રિયા) અને નિકાલ

(C) વિશ્વ વ્યાપક કોડીંગ સીસ્ટમનો ઉપયોગ

(D) ઉપરોક્ત તમામ

91. મોટા કુદરતી મહાસંકટમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) ચક્રવાત

(B) પૂર

(C) ભોપાલ ગેસ લીકેજ દુર્ઘટના

(D) ધરતી કંપ

92. મહાસંકટમાં ઘાયલ દર્દીઓને તેમની જરૂરિયાત મુજબ તાત્કાલિક સારવાર મળી રહે તે માટે કરવામાં આવતા ટ્રાયેજ મુજબ આપવામાં આવતા કલર કોડમાં પીળો કલર કોડ કેવા દર્દીઓને અપાય છે ?

(A) શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુઃખાવો વગેરે

(B) દાઝવું, શરીરમાં ઘણા ફ્રેક્ચર થવા, અતિશય દુઃખાવો વગેરે

(C) નાનું ફ્રેક્ચર, સામાન્ય કળતર તથા દુઃખાવો

(D) મૃત દરદી

93. રાષ્ટ્રીય વાહક (વેક્ટર) જનિત રોગોના નિયંત્રણ કાર્યક્રમ (NVBDCP) માં કયા રોગનો સમાવેશ કરેલ નથી ?

(A) મેલેરીયા

(B) ફાઈલેરીયા (હાથી પગો)

(C) ડેન્ગ્યુ

(D) ટાઈફોઈડ

94. ભારતમાં સૌથી પહેલાં શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમનું નામ શું છે ?

(A) રાષ્ટ્રીય મેલેરિયા નિયંત્રણ કાર્યક્રમ

(B) રાષ્ટ્રીય કુટુંબ નિયોજન કાર્યક્રમ (હાલનું નામ પરિવાર કલ્યાણ કાર્યક્રમ)

(C) રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

(D) રાષ્ટ્રીય કુષ્ઠ રોગ નિવારણ કાર્યક્રમ

95. માનનીય વડાપ્રધાનશ્રીએ ભારતમાંથી કયા વર્ષમાં ટીબી રોગને નાબૂદ કરવાનો નિર્ધાર કરેલ છે ?

(A) 2025

(B) 2027

(C) 2030

(D) 2035

96. સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ (RNTCP)માં કઈ બાબત સાચી નથી ?

(A) નજર સમક્ષ ટુંકા ગાળાની સારવાર

(B) ટીબી યુનિટ (TU)ની સ્થાપના

(C) એસ.ટી.એસ. (ટ્રીટમેન્ટ સુપરવાઈઝર) અને એસ.ટી.એલ.એસ.ની નિમણૂંક

(D) નિદાન માટે એક્ષ-રે ઉપર વધારે ધ્યાન



Scanned with CamScanner

97. ભારતમાં અંધત્વ માટે કોણ સૌથી વધુ જવાબદાર છે ?

(A) મોતિયો (cataract)
(B) ઝામર
(C) વિટામીન 'એ'ની ઉણપ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

98. મધુ પ્રમેહ (ડાયાબિટીસ) માટે જવાબદાર અંતઃસ્ત્રાવ નું નામ શું છે ?

(A) થાઈરોઈડ હોર્મોન
(B) ઈસ્ટ્રોજન
(C) ઈન્સ્યુલિન
(D) પ્રોજેસ્ટ્રોન

99. જીવાણુના બીજાણુઓ (સ્પોર્સ - spores)ના નાશ માટે હોસ્પિટલોમાં વપરાતી સૌથી વધુ પ્રભાવી અને પરિણામલક્ષી પદ્ધતિ કઈ છે ?

(A) ઉકળતા પાણીમાં 20 મિનિટ સુધી રાખવું
(B) નિયત દબાણ ઉપર 20 - 30 મિનિટ સુધી ઓટોક્લેવના ઉપયોગથી વિસંક્રમણ
(C) સૂર્યના તડકામાં ત્રણ કલાક રાખવું
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

100. રૂમ (કક્ષ)ના અસરકારક વિસંક્રમણ માટે શું વપરાય છે ?

(A) સ્પિરિટ
(B) ફિનોલ
(C) બ્લિચિંગ પાવડર
(D) ફોર્મેલીન + પોટેશિયમ પરમેંગેનેટ ($KMnO_4$)



Scanned with CamScanner

## બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ના પેપર ડાઉનલોડ કરો.

જે તે પરીક્ષા ના જુના પેપર અને આન્સર કી ડાઉનલોડ કરવા માટે નીચે આપેલા પરીક્ષાના નામ પર ક્લિક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ | તલાટી | બિન સચિવાલય ક્લાર્ક | પોલીસ ઈન્સ્પેક્ટર | નાયબ ચીટનીસ |
| સેનેટરી ઈન્સ્પેક્ટર | હાઈકોર્ટ બેલીફ | જુનીયર ક્લાર્ક | સીનીયર ક્લાર્ક | વિદ્યુત સહાયક |
| મુખ્ય સેવિકા | સ્ટાફ નર્સ | હાઈકોર્ટ ક્લાર્ક | હાઈકોર્ટ પટાવાળા | લેબ આસીસ્ટન્ટ |
| એકાઉન્ટ ઓફિસર | CTET | ટેકનીકલ આસીસ્ટન્ટ | TET | GSRTC કંડકટર |
| સ્પીપા | HTAT | નાયબ મામલતદાર | ફોરેસ્ટ ગાર્ડ | GSRTC ક્લાર્ક |
| GPSC સહાયક | TAT | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | GPSC STI | ફીમેલ હેલ્થ વર્કર |
| RFO | સર્વેયર | જમાદાર | GSSSB ઈન્સ્પેક્ટર | ચીફ ઓફિસર |
| MPHW | લેબ ટેકનિશિયન | આસીસ્ટન્ટ ઈન્સ્પેક્ટર | ATDO | એકાઉન્ટન્ટ |

**સરકારી નોકરીની માહિતી માટે દરરોજ દિવસ એકવાર તો WWW.RKHACK.COM ની મુલાકાત લો. મફત મટેરિયલ ડાઉનલોડ કરવા માટે WWW.GKNEWS.IN વેબસાઈટ પર જાઓ.**

જોડાઓ અમારી સાથે

**અને ખાસ, જો તમે સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી કરતા હોવ તો અમારી સાથે અત્યારે જ જોડાઈ જાઓ. જોડવા માટે નીચે આપેલા બટન પર ક્લિક કરો.**

Join Us on WhatsApp 94092 31939

Join Us On Telegram @gknews_in

Follow Us On Instagram @gknews_in

Subscribe Our Channel @gknews_in

Like Our FB Page @gknews.in

Follow Us On Sharechat @gknews_in

Thank You